**<u>સી.સી.(એન.સી)નું-3059/2023 ના કામે ચાર્જશીટ હેઠળ હુકમ</u>**

**શ્રી સરકાર વિ. પ્રેમસિંહ પુત્ર ગોપાસસિંહ જાતે ચૌહાણ, ઉંમર 19 વર્ષ, રહે- શ્રાપણ, ઉજ્જેન મપ્ર**

---

આ કામના આરોપી સામે **રેલ્વે એકટની કલમ-147** મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ ચાર્જશીટ રજુ થયા બાદ, આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં, તેઓને ક્રિમીનલ પ્રો1સીઝર કોડની કલમ ૨૦૭ અન્વયે, પોલીસ તપાસના તમામ કાગળોની નકલો આપવામાં આવેલ. ઉપરાંત આરોપીએ તેના સામે આક્ષેપાયેલ ગુના સંબંધે ગુના કબુલાત પુરશીશ રજુ કરેલ છે. વિશેષમાં આરોપી તરફે રજુઆત છે કે, ગુના બાબતે અજાણ અને અજ્ઞાન હોય પ્રથમ વખત ગુનો બનેલ છે. તેમની પ્રથમવારની ભુલ છે, ભવિષ્યમાં ફરીથી આ પ્રકારનો ગુનો કરશે નહીં. ગુના બદલ પ્રાયશ્ચિત કરે છે. ગરીબ ઈસમ છે અને કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી તેમના શિરે હોઇ, હવે પછી આવો કોઇ ગુનો નહિ કરે તેવું જણાવી, દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં કોર્ટ દ્વારા આરોપીને સમજાવેલ છે કે, કબૂલાત કરવા તેઓ બંધાયેલ નથી અને ગુનો કબૂલ કરવામાં આવશે તો કાયદાની જોગવાઇ મુજબ મહત્તમ સજા થઇ શકે છે. આમ છતાં આરોપી તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેવામાં આવે તો આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી સામે કોઈ ગુનાહિત ઈતિહાસ હોય તેવુ રેકર્ડ પરથી જણાતું નથી. આરોપી ગુન્હા અંગે પસ્તાવો વ્યકત કરતા હોય, સુધરવાની તક માટે અરજ કરતા હોય, આરોપી પર તેના કુટુંબની જવાબદારી છે તેમ જણાવતા હોય, આ સંજોગોમાં આરોપીની ઉંમર, તેની ઉપર રહેલ આર્થિક તેમજ કૌટુંબિક જવાબદારી, આરોપી સામે કોઈ ગુનાહીત ઇતિહાસ રેકર્ડ પર આવેલ ન હોય તે હકીકત, ગુનાની ગંભીરતા વિગેરે તમામ પરીબળો સાથે સાથે નામ, ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરખચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર, પેઈજ નં. ૭૦૯ વાળા કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, આરોપીને હળવી સજા કરી, સુધરવાની તક આપવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે, તેવુ આ કોર્ટનું માનવુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છુ.

**-::- આખરી હુકમ -::-**

આ કામના આરોપીને **રેલ્વે એકટની કલમ- 147** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ **રૂ. 50/- (અંકે રૂપિયા પચાસ પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે, આરોપી જો દંડ ના ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા:- 09, માહે સપ્ટેમ્બર,સને ૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

વડોદરા.

તા.09.09.2023

**(એસ.ડી.કાપડીયા)**

એડી.જ્યુડી.મેજી.ફ.ક.

વડોદરા. જજ કોડ GJ01356.